જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

HAPPY NEW YEAR

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૨૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૪/૧૭**

**નરોડાઃ** જયેશભાઇ ચંદુભાઇ હીરાડી (ગૌસ્વામી) (રહે. આસોપાલવ ફ્લેટ પોસ્ટ ઓફીસની સામે નરોડા જી.આઇ.ડી.સી નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી અમુત ગેસ્ટ હાઉસની સામેની ગલીમાંથી જયેશભાઇ હીરાડીના માતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો જયેશભાઈના માતાના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી. સોલકી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૫/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** બાબુલાલ સોનાજી પુરોહીત (રહે. રેવા વાસ, ગ્રીન સીટી ફ્લેટની બાજુમા રામેશ્વર મંદીર પાછળ, ચાંદલોડીયા,સોલા) એ તા.૧૬/૧૦/૧૭ રાતના ૧૦/૦૦ વાગે ગોતા શાયોના એસ્ટેટ ગોરધન કેટર્સની બાજુ પોતાની મહીન્દ્રા બોલેરો કેમ્પર ગાડી નંબર જીજે ૧ ડીયુ ૨૮૮૮ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૧૦/૧૭ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બાબુલાલ પુરોહીત સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.